તાત્કાલિક

ક્રમાંક:અપગ/૧૦૨૦૧૯/૨૮૩૬૯૭/છ.૧,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૮/૨૦૧૯.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- **સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ**,
  - સામાન્ય વહીવટ વિભાગ (કર્મચારી ગણ), સચિવાલય, ગાંધીનગર.
  - મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - શિક્ષણ વિભાગ (પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
  - નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ (ગ્રામ વિકાસ), સચિવાલય, ગાંધીનગર
  - મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  - અશકતતા આયુકતશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
  - નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- **શ્રી રાકેશભાઇ શાહ, માન. ધારાસભ્યશ્રી**, ૧૫, નવદર્શન ફ્લેટ, ઓપેરા સોસાયટીની સામે, નવા વિકાસગૃહ રોડ, અશોકનગર, પાલડી, અમદાવાદ.
- **શ્રીમતી નીમાબેન આચાર્ય, માન. ધારાસભ્યશ્રી**, નવજીવન હોસ્પિટલ, પ્લોટ નં.૨૬૯, વોર્ડ-૧૨-બી, ગાંધીધામ, જિલ્લા- કચ્છ.

- **ડૉ. માનસેતા**, ઇ.એન.ટી. સર્જન, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, ટાઉન હોલ સામે, અમદાવાદ – ૩૮૦ ૦૦૬.
- **શ્રી કનુભાઇ ટેલર**, પ્રમુખશ્રી, ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, સાંઇ સમર્થન સોસાયટી પાસે, શરદ યતન સ્કુલની પાચાળ, ઉમરા, સુરત.
- **શ્રીમતી નંદીની મુંશા**, પ્રમુખશ્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.
- **શ્રીમતી રમિલાબેન દેસાઇ**, સંગના સોસાયટી બંગલા નં.૩૭, નવયુગ કોલેજની પાછળ, રાંદેર રોડ, સુરત.
- **શ્રી પવન દવે**, ૩૦૨, હરેકૃષ્ણ એપાર્ટમેન્ટ, પ્રેસીડેન્સી સ્કૂલની પાછળ, ન્યુ રાંદેર રોડ, સુરત – ૩૯૫ ૦૦૯.

વિષય: **ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એકટ-૨૦૧૬ અંતર્ગત રચાયેલ રાજ્ય સલાહકાર બોર્ડની તૃતિય બેઠક બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આ વિભાગના તા.૧૫/૦૬/૨૦૧૯ના સરખા ક્રમાંકના પત્રના અનુસંધાને જણાવવાનું કે, ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એકટ-૨૦૧૬ અંતર્ગત રચાયેલ રાજ્ય સલાહકાર બોર્ડની તૃતિય બેઠક માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૦૬/૨૦૧૯ના રોજ ૧૪.૦૦ કલાકે, તાપી સમિતિ ખંડ, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર ખાતે મળેલ હતી. જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે. ઉકત કાર્યવાહી નોંધ પરત્વે આપના વિભાગને સ્પર્શતા મુદ્દાઓ અંગેની કાર્યવાહી કરી તે અંગેનો એકશન ટેકન રીપોર્ટ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

o/c 13/8/19

patel dc

(ડી. સી. પટેલ) 13/8/2019.

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

**બિડાણ: ઉપર મુજબ.**

નકલ રવાના:-

- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (સા.ન્યા.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટી એક્ટ-૨૦૧૬ અંતર્ગત રચાયેલ રાજ્ય સલાહકાર બોર્ડની તૃતિય બેઠક તા.૧૯-૦૬-૨૦૧૯ ના રોજ ૧૪-૦૦ કલાકે, તાપી સમિતિ ખંડ, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

---

ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટી એક્ટ-૨૦૧૬ અંતર્ગત રાજ્ય સલાહકાર બોર્ડની તૃતિય બેઠક ગાંધીનગર ખાતે માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇશ્વરભાઇ પરમાર, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષસ્થાને મળેલ હતી, જેમાં આ સાથેના પરીશિષ્ટ-૧ મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

સૌપ્રથમ સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા માન. મંત્રીશ્રી અને રાજ્ય સલાહકાર બોર્ડના સભ્યોને આવકારીને બેઠકની કાર્યવાહીની શરૂઆત કરી.

સૌપ્રથમ તા.૧૩-૧૧-૨૦૧૮ના રોજ મળેલ રાજ્ય સલાહકાર બોર્ડની બેઠકની કાર્યવાહી નોંધને સર્વસમંતીથી બહાલી આપવામાં આવી અને ગત મીટીંગના એજન્ડા મુજબ જે તે વિભાગોએ કરેલ કાર્યો અને વિભાગોએ હવે શું કાર્યવાહી કરવાની થાય તે બાબતે માનનીય અગ્ર સચિવશ્રીએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ તથા ચર્ચા વિચારણા કરી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવી.

૧. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટી એક્ટ-૨૦૧૬ની કલમ- ૩૪ મુજબ જગ્યાઓનું આરક્ષણ અને રોસ્ટર પોઇન્ટ નક્કી કરવા અને રોજગાર ભરતીમાં વય મર્યાદામાં છૂટછાટ બાબતે ઘટતી કાર્યવાહી કરવા સામાન્ય વહીવટ વિભાગને જણાવવામાં આવ્યું જેથી દરેક વિભાગો દ્વારા આગળની કાર્યવાહી ઝડપથી પુરી કરી શકાય. (અમલઃ-સામાન્ય વહીવટ વિભાગ)

૨ રાજય સરકારના દરેક વિભાગોએ ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટી એક્ટ-૨૦૧૬ની કલમ-૨૩ મુજબ દરેક વિભાગોએ તેમના હસ્તકની જિલ્લા, તાલુકા, બ્લોક કે ગ્રામ્ય કક્ષાની તમામ કચેરીઓ ફરિયાદ નિવારણ અધિકારીની નિમણૂકના ઘટતા આદેશો કરવા જણાવ્યુ.

(અમલઃ- સર્વે વિભાગો)

૩. ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટી એક્ટ-૨૦૧૬ના અમલીકરણ બાબતની નામ. સુપ્રિમકોર્ટ રીટ પીટીશન નં.૧૧૬/૧૯૯૮ જસ્ટીસ સુનંદા ભંડારે ફાઉન્ટેશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને ધી રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬માં વિવિધ વિભાગના કાર્યોની તા- ૨૪/૦૪/૨૦૧૯ના રોજ મળેલ સમીક્ષા બેઠકમાં અપાયેલ સુચના મુજબ સબંધિત વિભાગો દ્વારા સબંધિત કલમ અને કામગીરી બાબતે કરેલ કાર્યવાહીની વિગતો, ઠરાવો, પરીપત્રો તથા અન્ય માહિતી સ્વયંસ્પષ્ટ આધાર સહિત અંગ્રેજી ભાષામાં તાત્કાલિક સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને કેસના અનુસંધાને એફિડેવીટ અર્થે મોકલી આપવા જણાવેલ.

(અમલ:- સર્વે વિભાગો)

૪. સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા RPwD Act-2016ના અમલીકરણ બાબતે દરેક વિભાગો દ્વારા નાયબ સચિવથી નીચે ન હોય એવા અધિકારીશ્રીઓને નોડલ અધિકારીશ્રી તરીકે નિમણૂંક કરવા અને નિમણુંક કરેલ અધિકારીશ્રીઓના નામ અને સંપર્ક નંબર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલી આપવા જણાવેલ.

(અમલ:- સર્વે વિભાગો)

૫. શ્રી સંજય પ્રસાદ, અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ) દ્વારા રાજયની કૃષિ યુનિવર્સીટીઓમાં ધી રાઇટસ ઓફ વીથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬ મુજબ ૫% અનામત માટે ઠરાવ કરેલ છે તેમ જણાવેલ, જે બાબતે બોર્ડના સભ્યોશ્રી દ્વારા કૃષિ વિભાગ દ્વારા કરાયેલ કામગીરીને બીરદાવી.

૬. સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે ઉચ્ચ શિક્ષણ અને યોજનાઓમાં દિવ્યાંગો માટે ૫% અનામત માટેની કાર્યવાહીને અગ્રીમતા આપવા સર્વે વિભાગોને જણાવ્યુ.

(અમલ:- શિક્ષણ વિભાગ અને સર્વે વિભાગો)

૭. આરોગ્ય વિભાગના પ્રતિનિધીશ્રી ડૉ. અજય ચૌહાણ દ્વારા સરકારી હોસ્પીટલ અમદાવાદ, સોલા તેમજ જુનાગઢ ખાતે બેરા ટેસ્ટના ઇન્સટ્રુમેન્ટ ઉપલબ્ધ કરવાવામાં આવેલ છે અને રાજયની બધી સિવિલ હોસ્પિટલ ખાતે બેરા ટેસ્ટની સુવિધા ઉભી કરવા બાબતે નવી બાબત સરકારશ્રીમાં રજુ કરેલ છે તેમ જણાવ્યુ. સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે ઉકત બાબતે પ્લાન ઓફ એકશનની વિગતો મોકલી આપવા જણાવ્યું.

(અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૮. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૪ જિલ્લાઓમાં અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર કાર્યરત્ત કરવામાં આવેલ છે અને બાકીના જિલ્લાઓમાં ચાલુ વર્ષમાં અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર કાર્યરત કરવાનું આયોજન છે તેમ આરોગ્ય વિભાગના પ્રતિનિધીશ્રી ડૉ. અજય ચૌહાણે જણાવ્યુ.

૯. સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર, જિલ્લા દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્રો (District Disability Rehabilitation Centres (DDRCs) અને મેડિકલ બોર્ડ એક જ જગ્યાએ કાર્યરત્ત હોય તેવી ભારત સરકારની સુચના હોય આવી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યુ.

(અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૧૦. સભ્યશ્રી ડાં.માનસેતાએ થેલેસેમિયા ગ્રસ્ત બાળક ન જન્મે તે માટે પ્રચાર પ્રસાર કરવા તેમજ સ્કુલ હેલ્થ પ્રોગ્રામમાં થેલેસેમિયા ટેસ્ટ કરવાનું તેમજ થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને પ્રમાણપત્ર ઇસ્યુ કરવા સુચન કર્યુ.

(અમલ:- શિક્ષણ વિભાગ અને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૧૧. સભ્યશ્રી શ્રી કનુભાઇ ટેલરે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ફક્ત ૪ પ્રકારના જ દિવ્યાંગતાના પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવતાં હોઇ તેને બદલે

તમામ પ્રકારની દિવ્યાંગતાના પ્રમાણપત્ર ઇસ્યુ કરવા આરોગ્ય વિભાગ દ્વારા સબંધિત ડોક્ટરોને માર્ગદર્શન આપવા જણાવ્યુ,

(અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૧૨. આરોગ્ય વિભાગ હસ્તકના દરેક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા આશાવર્કરો અને અન્ય સ્ટાફને બેઝીક તાલીમ આપવા દિવ્યાંગતાના પ્રકરણ તાલીમ મોડ્યુલમાં સમાવેશ કરવામાં આવેલ છે તેમ આરોગ્ય વિભાગના પ્રતિનિધીશ્રી ડૉ. અજય ચૌહાણે જણાવ્યુ.

૧૩. સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે તાલીમનું ઓન-લાઇન અને ઇ-પ્લેટફોર્મ આધારીત મોડ્યુઅલ બનાવવા માટેનુ સુચન કર્યું.

(અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૧૪. દિવ્યાંગતાના સર્ટીફીકેટ માટે ખાનગી ડોકટર્સની સેવાઓ લેવા માટે રૂ. ૧૫૦૦ માનદ્ વેતન નક્કી કરવામાં આવેલ છે પરંતુ ખાનગી ડોકટર્સ ઉપલબ્ધ થતા નથી તેમ આરોગ્ય વિભાગના પ્રતિનિધીશ્રી ડૉ. અજય ચૌહાણે જણાવ્યુ, જે બાબતે સભ્ય સચિવશ્રી અને અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે કેમ્પોમાં દિવ્યાંગોને લાવવા માટે દિવ્યાંગતા ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના વોલિન્ટીયર્સની સેવા લેવા સુચન કર્યું. (અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)

૧૫. દિવ્યાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રી માન. ડી.એન. પાન્ડે સાહેબશ્રીએ દિવ્યાંગોને દિવ્યાંગતાના સર્ટીફીકેટ મેળવવા માટે દરેક ટેસ્ટ કરાવવા જુદા-જુદા વોર્ડ ખાતે હેર-ફેર કરવી પડે છે તે માટે અઠવાડિયાના અમુક દિવસો દિવ્યાંગતા પ્રમાણપત્ર આપવા માટે નક્કી કરી અને તે દિવસોએ જરૂરી ટેસ્ટો એક જ જગ્યાએ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવા આરોગ્ય વિભાગને સુચન કર્યું. (અમલ:- આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ)